પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૬ | ૨૮ જાન્યુઆરી, ૨૦૨૧, ગુરૂવાર; પોષ સુદ - ૧૫ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# ગણતંત્રની ગરિમા પર પ્રહાર

## ખેડૂતોની ટ્રેક્ટર પરેડ બની હિંસક : ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો ફરકાવ્યો : ૩૦૦ પોલીસ જવાન ઘાયલ, ૨૦૦ ઉપદ્રવીઓની અટકાયત

ન્યુ દિલ્હી,તા.૨૭

કૃષિ કાયદાઓના વિરોધમાં ૨૬ જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા અંગે પોલીસ સતત એક્શનમાં છે. હિંસા અને તોડફોડની ઘટનાઓ અંગે અત્યારસુધીમાં ૨૨ FIR નોંધાઈ ચૂકી છે. દિલ્હી પોલીસે કહ્યું હતું કે લૂંટ અને જીવલેણ હુમલાની કલમો અંતર્ગત કેસ નોંધાયા છે. પોલીસે આ મામલે કાર્યવાહી કરીને અત્યારસુધીમાં ૨૦૦ ઉપદ્રવીની અટકાયત પણ કરી લીધી છે. આ મામલે હવે દિલ્હી ક્રાઈમ બ્રાંચ તપાસ કરશે.

પોલીસે જે FIR કરી છે એમાં ૬ ખેડૂતનેતાનાં નામ પણ છે. આ નેતા રાકેશ ટિકૈત, દર્શન પાલ, રાજિંદર સિંહ, બલવીર સિંહ રાજેવાલ, બૂટા સિંહ બુર્જગિલ અને જોગિંદર સિંહ છે. તેમની વિરુદ્ધ ટ્રેક્ટર રેલીની શરતો તોડવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

ગઈ કાલે થયેલી હિંસામાં ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતાં. પ્રજાસત્તાક દિવસના અવસરે ટ્રેક્ટર પરેડના નામે દિલ્હીમાં પ્રદર્શનકારી ખેડૂતોએ ખુબ ધમાલ મચાવી અને હિંસા આચરી, કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોનો એક જુથ ટ્રેક્ટરો સાથે લાલ કિલ્લા પર પહોંચી ગયું હતું અને તેના સ્તંભ પર એક ધાર્મિક ઝંડો લગાવી દીધો. અહીં પ્રધાનમંત્રી ૧૫ ઓગસ્ટના દિવસે ભારતનો તિરંગો ફરકાવે છે.

બીજી તરફ પોલીસ પણ એક્શનમાં આવી છે અને અત્યાર સુધીમાં આ હિંસામાં સામેલ હોય તેવા ૨૦૦ લોકોને અટકાયતમાં લેવાયા છે.તેમના પર હિંસા કરવાનો સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવાનો અને પોલીસ કર્મીઓ પર હુમલા કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધી ૨૨ એફઆઈઆર દાખલ થઈ છે. આમાં તોડફોડ અને પોલીસ કર્મચારીઓની બંદૂક ઝૂંટવવા જેવી ઘટનાઓ સામેલ છે. ગણતંત્ર દિવસ પર ટ્રેક્ટર પરેડ નીકાળી રહેલા ખેડૂતોએ દિલ્હીને જાણે કે યુદ્ધનું મેદાન બનાવી દીધું હતુ. પોલીસવાળાઓ પર ટ્રેક્ટર ચઢાવવાનો પ્રયત્ન, બસો અને ગાડીઓમાં તોડફોડ, પથ્થરમારા બાદ કેટલાક ઉપદ્રવીઓએ લાલ કિલ્લા પર પોતાનો ઝંડો લગાવી દીધો. લાલ કિલ્લાની પાસે અનેક પોલીસવાળાઓએ દીવાલ કૂદીને પોતાનો જીવ બચાવ્યો.

દિલ્હી પોલીસ હવે ઠેક-ઠેકાણે લગાવવામાં આવેલા CCTV કેમેરાની ફૂટેજના આધારે પ્રદર્શનકારીઓની ઓળખ કરવા મથી રહી છે. લાલ કિલ્લા, નાંગલોઈ, મુકરબા ચોક, સેન્ટ્રલ દિલ્હીમાં CCTV કેમેરાના ફૂટેજ ચકાસવા માટે સ્પેશિયલ સેલ, ક્રાઈમ બ્રાન્ચની મદદ લેવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, નક્કી કરાયેલા માર્ગો પર ટ્રેક્ટર રેલી માટે પરમિશન આપવામાં આવી હતી. પરંતુ સમય પહેલાં જ શરૂ થયેલી રેલીએ બેરિકેડ્સ તોડી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ તેઓ મધ્ય દિલ્હીના આઈટીઓ પહોંચી ગયા હતા. જે દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું.

દરમિયાન દિલ્હી પોલીસે સિંધુ બોર્ડર પાસે જ્યાં ખેડૂતોનો જમાવડો છે ત્યાં સુરક્ષા વધારી છે.આ બોર્ડર પર ખડકવામાં આવેલા વાહનોને હટાવવામાં આવીર રહ્યા છે જ્યાં જ્યાં ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે તે તમામ સ્થળોએ પોલીસે સુરક્ષા વધારી છે.

ગણતંત્ર દિવસ પર સમગ્ર દેશે જ નહિ પરંતુ વિશ્વએ દિલ્હીના માર્ગો પર જે ઉપદ્રવ નિહાળ્યો તેઓ અગાઉ કદી નિહાળ્યો ન હતો.

● અનુસંધાન પાન-૧૧ પર












## ૨૦૦ બાળકો-કલાકારોને બચાવાયા


નવી દિલ્હી, તા.૨૭

પ્રજાસત્તાક દિવસની પરેડમાં બાળકો સહિત આશરે ૨૦૦ કલાકારો લાલ કિલ્લા નજીક તે સમયે ફસાઈ ગયા જ્યારે ટ્રેક્ટર પરેડમાં સામેલ ખેડૂતો હિંસક બન્યા હતા અને બેરીકેડ્સ તોડી નાખ્યા હતા. જો કે, બાદમાં દિલ્હી પોલીસ બાળકોને અને કલાકારોને સુરક્ષિત રીતે ત્યાંથી બચાવી લીધા હતા. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, લગભગ બે કલાક સુધી ફસાયેલા બાળકો સહિત કલાકારોને દિલ્હી પોલીસના જવાનોએ બચાવી લીધા હતા. તેઓને નાસ્તો પીરસવામાં આવ્યો અને સલામત રીતે ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## અમરિંદર દિલ્હીની ઘટનાથી હતપ્રભ

ચંદીગઢ, તા.૨૭

દિલ્હીમાં ગણતંત્ર દિવસના દિવસે ટ્રેક્ટર માર્ચના નામે થયેલી હિંસા અને ઉપદ્રપની ઘટના પર પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે ટિકા કરી છે. તેમણે કહ્યું કે દિલ્હીના દ્રશ્યોથી હતપ્રભ છું. કેટલાક તત્વો દ્વારા કરેલી હિંસા સ્વીકાર્ય નહીં. આ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહેલા શાંતિપૂર્ણ પ્રદર્શનની ભાવનાની વિરુદ્ધ છે. કિસાન નેતાઓએ હિંસાથી પોતાને અલગ કરી લીધા છે અને ટ્રેક્ટર રેલી સ્થગિત કરી છે. હું બધા વાસ્તવિક ખેડૂતોને અપીલ કરું છું કે તે દિલ્હી ખાલી કરે અને પાછા બોર્ડર પર પરત ફરે.




## પ્રાર્થના સભા



### સ્વ. શ્રી હસમુખભાઈ ખોડીદાસ પટેલ

હરિ ગ્રુપ (ગાંધીનગર)

જન્મ તા. ૦૩-૦૭-૧૯૫૫ ● સ્વર્ગવાસ તા. ૨૬-૦૧-૨૦૨૧

कर्माण्येवधिकारस्ते मा फलेषु कदा चन ॥
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोडस्त्वकर्मणि ॥

કર્મ કરવું એ જ આપણો અધિકાર છે, કર્મફળ નહી.
કર્મફળથી અલિપ્ત રહેનાર સદૈવ અનાસક્ત રહી કર્મ કરે છે.

અમારા પથદર્શક પૂજ્ય હસમુખભાઈ ખોડીદાસ પટેલ તા. ૨૬-૦૧-૨૦૨૧, મંગળવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્દગતની પ્રાર્થના સભા નીચે મુજબ રાખેલ છે.

**તારીખ : ૨૯-૦૧-૨૦૨૧ - શુક્રવાર**

| ગાંધીનગર | કુંડાળ |
| --- | --- |
| સ્થળ : ઉમિયા માતાજી નુ મંદિર, સેક્ટર - ૧૨, પથિકાશ્રમ ની સામે, સિવિલ હોસ્પિટલ ની બાજુમાં, ગાંધીનગર<br>સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે | સ્થળ : ખોડિયાર માતાજી ની વાડી, કુંડાળ<br>સમય : સાંજે ૩:૩૦ થી ૬:૩૦ કલાકે |

ગં.સ્વ. કપિલાબેન હસમુખભાઈ પટેલ
નિસર્ગ હસમુખભાઈ પટેલ — ડૉ. બિજલ નિસર્ગભાઈ પટેલ
જયશ્રી જૈમિનકુમારકુમાર પટેલ — ડૉ. જૈમિનકુમારકુમાર ભાનુપ્રસાદ પટેલ
ડૉ. આશા ચિંતનકુમાર પટેલ — ડૉ. ચિંતનકુમાર બળદેવભાઈ પટેલ
કુમારી નિલ્પાબેન હસમુખભાઈ પટેલ

સ્વ. અમરતભાઈ ખોડીદાસ પટેલ
મનુભાઈ ખોડીદાસ પટેલ
બચુભાઈ ખોડીદાસ પટેલ
જગદીશભાઈ ખોડીદાસ પટેલ
મંગળદાસ કેશવલાલ પટેલ પરિવાર

ગં. સ્વ. વસંતીબેન અમરતભાઈ પટેલ
કપિલાબેન મનુભાઈ પટેલ
કંચનબેન બચુભાઈ પટેલ
પારૂલબેન જગદીશભાઈ પટેલ

ફર્મ :
હરિ ગ્રુપ (ગાંધીનગર)
રાધાસ્વામી ટ્રેક્ટર (મોટા ચિલોડા)
રાધે ગ્રુપ (ગાંધીનગર)
RP's PIZZERIA

(પિયરપક્ષની પ્રાર્થનાસભા ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.)
લિ. પટેલ દિલિપકુમાર નારણદાસ પરિવાર (માથાસુર)
અમૂલ પાર્લર વાળા